ઝાલોદર ગામ નજીક સુરત-હિંમતનગર બસ ખોટકાતા મુસાફરો રઝળ્યા

અરવલ્લી-સાબરકાંઠા જીલ્લામાં એસટી બસ ખોટકાઈ જવાની ઘટનાઓ સમયાંતરે બનતી રહે છે. ત્યારે સુરતથી હિંમતનગર એસટી બસ ઝાલોદર પાટીયા નજીક ટેકનિકલ ક્ષતીના પગલે ખોટકાઈ જતા એસટી બસમાં મુસાફરી કરી રહેલા મુસાફરો રઝળી પડ્યા હતા. એસટી તંત્ર દ્વારા અન્ય વૈકલ્પીક વ્યવસ્થા ન થતા મુસાફરોએ ખાનગી વાહનોમાં મુસાફરી કરવી પડી હતી, જયારે હિંમતનગર જતા મુસાફરોને અન્ય એસટી બસમાં બેસાડી રવાના કરાયા હતા.

કેશોદની વણપરિયા સ્કૂલમાં ૧૧ વિદ્યાર્થિનીઓ કોરોના પોઝિટિવ

કોરોનાના ઘટતા કેસોની વચ્ચે ચિંતાના સમાચાર : ૧૧ વિદ્યાર્થિનીઓ કોરોનામાં સપડાતાં તંત્ર દોડતું થઈ ગયું

જૂનાગઢ, તા. ૧૮

ગુજરાતમાં કોરોના વાયરસ મહામારીના પોઝિટિવ કેસની સંખ્યામાં સતત ઘટાડો નોંધાયા બાદ રાજ્ય સરકારે ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ માટે શાળા ખોલી દીધી છે. જોકે રાજ્યમાં કેટલાક વાલીઓ હજુ પણ કોરોનાનાં ડરે પોતાના બાળકોને શાળામાં નથી મોકલી રહ્યા ત્યારે જુનાગઢથી એક ચોંકાવનારી ખબર સામે આવી છે. જૂનાગઢ જિલ્લાના કેશોદમાં ટ્રસ્ટ સંચાલિત કે.એ.વણપરિયા સ્કૂલમાં એકસાથે ૧૧ જેટલી વિદ્યાર્થિનીઓ કોરોના પોઝિટિવ આવતા શાળાનું વહીવટી તંત્ર દોડતું થઈ ગયું છે. હવે સ્કૂલના બાળકો પર પણ મહામારીના કહેરની અસર દેખાય રહી છે.

જણાવી દઈએ કે, ગુજરાતમાં ૧૧ જાન્યુઆરીથી ધોરણ ૧૦ અને ૧૨નું શૈક્ષણિક કાર્ય શરૂ કરવામાં આવ્યું છે. જોકે શહેરી વિસ્તારોની મોટા ભાગની શાળાઓમાં વાલીઓ પોતાના બાળકોને શાળાએ મોકલતા અચકાઈ રહ્યા છે.

નોંધનિય છે કે, તાજેતરમાં જ જામનગર જિલ્લાની જોડિયા સ્કૂલમાં પણ એક વિદ્યાર્થિનીનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. જોકે એ અંગે વાંસદામાં શિક્ષણમંત્રીએ જણાવ્યું હતું કે, ૪ જેટલી વિદ્યાર્થિનીઓએ ટેસ્ટ કરાવ્યા હતા અને તેમાંથી એકનો ટેસ્ટ પોઝિટિવ આવ્યો હતો.

એકજ સ્કુલમાં અભ્યાસ કરતી ૩ હોસ્ટેલની અને ૮ શહેરની એમ કુલ ૧૧ વિદ્યાર્થીનીઓનો કોરોનાના લક્ષણો જણાયા હતા અને તેમના રિપોર્ટ પણ પોઝિટિવ આવ્યા છે. હાલમાં અર્બન વિભાગની ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ છે.

સરહદ પર રણબંકા પગીની પ્રતિમાને આઠમી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

ભારત-પાકિસ્તાન વચ્ચે ૧૯૬૫ અને ૧૯૭૧માં ભયંકર યુદ્ધ થયું હતું જેમાં ભારતીય સૈન્યને મદદ કરી દેશને જીત અપાવનાર સુઈગામના લીબાળા ગામના વીર રણબંકા સ્વ. રણછોડભાઈ સવાભાઈ રબારી (પગી)ની આઠમી વાર્ષિક પુણ્યતિથિ હોઈ બોર્ડર પર બનાવેલા તેમના સ્ટેચ્યુ પર તેમના કુટુંબીજનોએ ફૂલહાર પહેરાવી શ્રદ્ધાંજલિ પાઠવી હતી.

ભારત-પાકિસ્તાન વચ્ચે ૧૯૬૫ અને ૧૯૭૧માં ભયંકર યુદ્ધ કર્યું હતું જેમાં કચ્છથી માંડીને ગુજરાતની તમામ સરહદ પર ભારતીય સેનાના ૧૦૦ જવાનો શહીદ થતાં હાહાકાર મચી જવા પામ્યો હતો જેને લઈને આ સુઈગામની બોર્ડર પર સરકારે ૧૦ ટુકડીઓ જવાનોની મોકલી હતી. જોકે, લાંબા વિસ્તારમાં પથરાયેલા રણને લઈને જવાનો રણમાં અટવાઈ ગયા હતા ત્યારે પગી તરીકે પ્રખ્યાત એવા લીબાળા ગામના રબારી રણછોડભાઈ સૈન્યને ભારે મદદ કરી હતી. તેઓ રણના અને પાકિસ્તાની ધરતીથી

વાકેફ હોઈ બોરીયા બેટથી ઊંટ પર સવાર થઈ પાકિસ્તાન સૈન્ય કઈ કઈ ચોકી પર અને કયા સ્થળે છે તેની સંપૂર્ણ જાણકારી લાવી ભારતના સૈન્યને રાત્રિ સમયે આકાશમાં તારલા જોઈ દિશા પારખી ભારતના સૈન્ય સાથે પાકિસ્તાનના સૈન્ય પર તૂટી પડયા હતા ને જીત હાંસલ કરાવી હતી. જેને લઈને તેમને સરકાર દ્વારા ગોલ્ડ સિલ્વરથી નવાજવામાં આવ્યા હતા ને સૈન્યમાં નોકરી આપવામાં આવી હતી. તેમનું ૨૦૧૩માં ૧૧૨ વર્ષની ઉંમરે સ્વર્ગવાસ થતાં તેમની યાદમાં ભારત-પાકિસ્તાનની ૦ પોઈન્ટની બોર્ડર પર તેમનું સ્ટેચ્યુ બનાવવામાં આવ્યું તેમજ આ સરહદ પર આવેલી પોસ્ટનું નામ પણ રણછોડભાઈ પોસ્ટ આપવામાં આવ્યું. તેમની આઠમી પુણ્યતિથિ ગત રોજ ૧૮-૧-૨૧ના રોજ હોઈ તેમના કુટુંબીજનો અને સ્નેહીજનો સરહદ પર જઈ તેમના સ્ટેચ્યુ પર ફૂલહાર ચડાવી તેમને શ્રદ્ધાંજલિ પાઠવી હતી. આ પ્રસંગે બીએસએફના જવાનો સહિત ઉચ્ચ અધિકારીઓ પણ ઉપસ્થિત રહી ગાર્ડ ઓફ ઓર્નર અને શ્રદ્ધાંજલિ પાઠવી હતી.

સરપંચ સંવાદ કાર્યક્રમમાં જાહેરનામાનાં લીરેલીરા ઉડ્યા

ભાજપ પ્રદેશ પ્રમુખ પાટીલ સૌરાષ્ટ્રના પ્રવાસે : પોલીસ કમિશ્નરના જાહેરનામામાં વધુમાં વધુ ૨૦૦ની સંખ્યામાં લોકોને ભેગા થવાની પરવાનગી અપાઈ છે

રાજકોટ, તા. ૧૮

ગુજરાત ભાજપ પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલે ફરી સૌરાષ્ટ્રના પ્રવાસે આવ્યા છે. રવિવારે બપોર બાદ રાજકોટના કાલાવડ રોડ પર આવેલા સેફ્રોન પાર્ટી પ્લોટમાં ભાજપ દ્વારા સરપંચ સંવાદનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં સી.આર. પાટીલ હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં ભાજપે ૫૦૦થી વધુ લોકોને એકઠા કર્યા હતા. જેના પગલે મહત્તમ ૨૦૦ની સંખ્યાની મર્યાદાના રાજકોટ પોલીસ કમિશનરના જાહેરાનામાના ભાજપી કાર્યકરોએ લીરેલીરા ઉડાડ્યા હતા. ઉપરાંત આ કાર્યક્રમમાં સોશિયલ ડિસ્ટન્સના ધજાગરા જોવા મળ્યાં હતા. તેમજ કેટલાક લોકો તો માસ્ક વગર જ જોવા મળ્યાં હતા.

સામાન્ય લોકોના સારા-માઠા પ્રસંગમાં ૧૦૦થી ૨૦૦ લોકોને જ એકઠા થવાની મંજૂરી આપવામાં આવે છે. ત્યારે એવો સવાલ ઉઠ્યો હતો કે, ભાજપના નેતાઓ માટે આ નિયમ લાગુ પડતો નથી? શું ભાજપને કોરોનાનો ડર નથી? પોલીસ ભાજપના નેતાઓ સામે કોઈ પગલાં ભરશે? સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી નજીક આવી રહી છે. ત્યારે ભાજપે મજબૂત ટીમ બનાવવા આ કાર્યક્રમનું આયોજન કર્યુ હોવાનું ચર્ચાઈ રહ્યું છે. આ કાર્યક્રમમાં અલગ અલગ ગામોના મોટી સંખ્યામાં સરપંચો, જિલ્લા ભાજપના નેતાઓ, આગેવાનો અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. હાલ કોરોનાકાળ ચાલતો હોવા છતાં પણ ભાજપે જન મેદની એકઠી કરી કોરોના ગાઈડલાઈનનો ઉલાળ્યો કરતા દ્રશ્યો જોવા મળ્યાં હતા. આ કાર્યક્રમમાં ત્રણ કેબિનેટ મંત્રી જયેશ રાદડિયા, ભુપેન્દ્રસિંહ ચુડાસમા અને કુવરજી બાવળિયા ઉપસ્થિત રહ્યા હતા.

રાજકોટમાં સરપંચ સંવાદ કાર્યક્રમ પહેલા સી.આર. પાટીલની આગેવાનીમાં પેજ સમિતિ કાર્યકર્તાનું સંમેલન પણ યોજાયું હતું. આ સંમેલન ૫૦ ફૂટ રોડ ડી માર્ટ પાસે આવેલા વિવાહ પાર્ટી પ્લોટમાં યોજાયું હતું. જેમાં વિધાનસભા-૬૮ના પેજ સમિતિ કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. સી.આર. પાટીલે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી અંગે સંગઠાત્મક માર્ગદર્શન આપ્યું હતું.

રાજ્યમાં કોરોના સંક્રમણના નવા ૪૯૫ કેસ નોંધાયા

અત્યાર સુધીમાં કુલ ૨૪૫૮૦૭ લોકો સાજા થતા ડિસ્ચાર્જ કરાયા હતા : ૨૪ કલાકમાં અમદાવાદમાં ૧૦૧ કેસ

ગાંધીનગર,તા.૧૮

ધીરે ધીરે હવે કોરોનાનો આંકડો ૧૪૦૦ ને પાર પહોંચ્યો હતો. જો કે હવે ધીરે ધીરે કોરોના કાબુમાં આવી રહ્યો હોય તે પ્રકારે આંકડા ઘટી રહ્યા હતા અને એક સમયે કેસ ૧૦૦૦ની નીચે જતા રહ્યા હતા. જો કે દિવાળી સમયે અચાનક કેસોની સંખ્યામાં ઉછાળો જોવા મળ્યો હતો. રાત્રી કર્ફ્યૂ બાદ સ્થિતી ધીરે ધીરે થાળે પડી રહી હોય તેમ આંકડા ધીરે ધીરે ઘટવા લાગ્યા છે. લાંબા સમય બાદ સતત કોરોનાના કેસનો આંકડો ૧૦૦૦ ની નીચે આવ્યો છે. આજે રાજ્યમાં નવા ૪૯૫ કોરોના દર્દી નોંધાયા હતા. રાજ્યમાં ૭૦૦ નવા દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફરી ચુક્યા છે. અત્યાર સુધીમાં કુલ ૨,૪૫,૮૦૭ દર્દીઓ સાજા થઈ ચુક્યા છે. રાજ્યમાં દર્દીઓના સાજા થવાનો દર ૯૫.૮૮ ટકા થઈ ચુક્યો છે. રાજ્યમાં ટેસ્ટની સંખ્યામાં પણ દિન પ્રતિદિન વધારો કરવામાં આવી રહ્યો હોવાના દાવા સરકાર કરી રહી છે. જો કે આશ્ચર્યજનક રીતે કેટલા ટેસ્ટ કરવામાં આવ્યા તે અગાઉ આંકડો દર્શાવાતો હતો. જે હવે બંધ કરી દેવાયો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, સરકાર પર ટેસ્ટિંગ ઘટાડીને કેસ ઘટાડવામાં આવી રહ્યા હોવાનાં આરોપો લાગતા રહ્યા છે. તેવામાં ટેસ્ટિંગની સંખ્યા દેખાડવાનું બંધ કરી દેવાતા અનેક તર્ક વિતર્કો થઈ રહ્યા છે. રાજ્યમાં જુદા જુદા જિલ્લાઓમાં આજની તારીખે કુલ ૪,૬૭,૫૫૭ વ્યક્તિઓને ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે. જે પૈકી ૪,૬૭,૪૩૦ વ્યક્તિઓને હોમ ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે.

જ્યારે ૧૨૭ વ્યક્તિઓને ફેસીલીટી ક્વોરન્ટાઈન રાખવામાં આવ્યા હોવાની માહિતી પ્રાપ્ત થઈ રહી છે. જો એક્ટિવ દર્દીઓની વાત કરીએ તો રાજ્યમાં હાલ ૬,૧૯૩ એક્ટિવ કેસ છે. વેન્ટિલેટર પર ૫૪ છે. જ્યારે ૬,૧૩૯ લોકો સ્ટેબલ છે. ૨,૪૫,૮૦૭ લોકોને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં કુલ ૪૩૬૭ લોકોનાં મોત નિપજ્યા છે. આજે ૦૨ લોકોનાં મોત નિપજ્યાં છે. અમદાવાદ કોર્પોરેશનમાં ૦૨ દર્દીઓનાં કોરોનાને કારણે મોત નિપજ્યાં છે.

વડગામના ઇસ્લામપુરામા દબાણના વિવાદનો અંત

તંત્ર દ્વારા દબાણો તોડી પડાયા : દબાણો દુર કરવામા પંચાયતની ભૂમિકા શંકાસ્પદ હોવાની ગ્રામજનોમાં ચર્ચા ??

તંત્ર દ્વારા રોડના પાકા દબાણો ઉપર બોલડોઝર ફેરવાયું

વડગામ, વડગામ તાલુકાના ઈસ્લામપુરા મા છેલ્લા ઘણા

સમયથી અનેક વિવાદો ઉભા થતા રહ્યા છે.

ગ્રામજનો મા દબાણો હટાવવા બાબતે વાહલા દવાલાની નિતી અપનાવવા હોવાના આક્ષેપ લોકોમાં સાંભળવા મળ્યા હતા. તંત્ર દ્વારા ઈસ્લામપુરા મા ૮ દુકાનો તથા એક મકાન મળીને ૯ દબાણો ઉપર બોલડોઝર ફેરવીને દબાણોનો સફાયો કરાયો હતો.

વડગામ તાલુકા પંચાયત ના મદદનીશ ટીડીઓ જેઠાભાઈ વળાગાઠ તથા વિસ્તરણ અધિકારી મફાજી ચૌહાણ તેમજ વડગામ પોલીસ ના જવાનોના ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે ઈસ્લામપુરા ગામમાં રોડની બાજુમાં આવેલી દુકાનો તેમજ એક મકાન મળીને ૯ પાકા દબાણો હટાવાતા ગામ લોકોમાં હફડા તફડી મચી ગઈ હતી.દુકાનો ઉપર

બોલડોઝર ફેરવીને તોડી પડાતા થોડીવાર માટે ગામમાં છન્નાટો વ્યાપી ગયો હતો.દબાણો દુર કરવા મા સ્થાનિક પંચાયત ની ભૂમિકા શંકાસ્પદ હોવાની ચર્ચાઓ પણ લોકો માં થઈ રહી હતી.ગરીબોના દબાણો દૂર કરાયા હોવાના તેમજ માલેતુજારો ના દબાણો યથાવત રહ્યા હોવાના આક્ષેપ પણ લોકોમાં થઈ રહ્યા હતા.વહીવટીતંત્ર સામે પણ લોકોમાં દબાણો દૂર કરવા બાબતે રોષ પ્રગટ થઈ રહ્યો છે.

સ્થાનિક પંચાયતની રજૂઆતો ના પગલે દબાણો દૂર કરવા ની તંત્ર ને ફરજ પડી હોવાની ચર્ચાઓ પણ ગામલોકો મા સાંભળવા મળતી હતી.અંતે ઈસ્લામપુરા મા દબાણોનો અંત આવતા ગામ લોકોમાં પણ કહી ખુશી કહી ગામના દ્રશ્યો સર્જાયા હતા.

સિવિલ મેડિસીટીની તમામ હોસ્પિટલમાં

મંગળવાર, ગુરૂવાર, શુક્રવાર અને શનિવારે કોરોના રસીકરણ કાર્યરત રહેશે

ઉક્ત દિવસોએ મેડિસીટીના કુલ ૧૦ કેન્દ્ર પર ૧૦૦૦ હેલ્થવર્કરોને રસી આપવામાં આવશે

ગાંધીનગર, તા. ૧૮

સમગ્ર દેશ જેની આતુરતાથી રાહ જોઈ રહ્યો હતો તે કોરોના રસીકરણ પ્રક્રિયાનો સમગ્ર રાજ્યમાં પ્રારંભ થઈ ગયો છે. એશિયાની સૌથી મોટી ગણાતી અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ૧૬મી જાન્યુઆરીએ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતીમાં રસીકરણ પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે.

કો-વિન સોફ્ટવેરમા જેનું નામાંકન થયેલુ છે તે લોકોને રસી આપવામાં આવે છે. કોરોના રસીકરણ માટે કેન્દ્ર સરકાર દ્વારા દરેક રાજ્યને દિવસો ફાળવવામાં આવ્યા છે.

જેમાંથી અમદાવાદ સિવિલ સંકુલની તમામ હોસ્પિટલમાં સોમવાર, બુધવાર અને રવીવારે રસીકરણ પ્રક્રિયા બંધ રાખવામાં આવશે. આ દિવસોને બાદ કરતા અન્ય સમયગાળા દરમિયાન કોરોના રસીકરણ પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

અમદાવાદ સિવિલ મેડિસીટીમાં આવેલ વિવિધ હોસ્પિટલમાં કુલ ૧૦ રસીકરણ કેન્દ્રો તૈયાર કરવામાં આવ્યા છે. જેમાં દરેક કેન્દ્ર પર રસીકરણ પ્રક્રિયા કાર્યરત હોય ત્યારે ૧૦૦ હેલ્થકેર વર્કરોને રસીના ડોઝ આપવાનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો છે.

અમદાવાદ-બરોડા હાઈવે પર ૩૦-૩૫ વાહન સાથે ટકરાયા

બનાવમાં જાનહાની થઈ હોવાના સમાચાર પ્રાપ્ત થયા નથી એક વાહન પાછળ બીજાની ટક્કરના બનાવો પણ બન્યા છે

અમદાવાદ,તા.૧૬

આજે રાજ્યના અનેક શહેરમાં ધુમ્મસભર્યું વાતાવરણ જોવા મળ્યું હતું. આ જ કારણે અનેક અકસ્માત સર્જાતા હોય છે. દ્વારકા-ખંભાળિયા હાઈવે પર ધુમ્મસને કારણે બે ગાડી વચ્ચે ટક્કર થઈ છે. આ બનવમાં ત્રણ લોકોનાં મોત થયા છે. બીજી તરફ અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ હાઈવે પર આજે ગાઢ ધુમ્મસને કારણે એક બે નહીં પરંતુ ૩૦થી ૩૫ જેટલા વાહનોને અકસ્માત નડ્યો છે. જોકે, કોઈ પણ બનાવમાં જાનહાની થઈ હોવાના સમાચાર પ્રાપ્ત નથી થયા. એક વાહન પાછળ બીજાની ટક્કરના બનાવો પણ બન્યા છે. ઉલ્લેખનીય છે કે ધુમ્મસને કારણે વિઝિબિલિટી ખૂબ ઘટી જાય છે. લોકોને ૫૦ કે ૧૦૦ ફૂટથી આગળનું કંઈ દેખાતું નથી. બીજી તરફ અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ હાઈવે પર વાહન ચાલકો વધારે સ્પીડમાં ગાડી ચલાવતા હોય છે. આ જ કારણે આગળની ગાડી ન દેખાતા અકસ્માત સર્જાતા હોય છે. રાજ્યના અન્ય હાઈવે પર પણ લોકોને ૩૦ની ઝડપે વાહન હંકારવાની ફરજ પડી છે. એક અંદાજ પ્રમાણે અમદાવાદ-વડોદરા હાઈવે પર ૩૦થી ૩૫ વાહનને ધુમ્મસને કારણે અકસ્માત નડ્યો છે. આ અંગેનો વીડિયો અને તસવીરો પણ સામે આવી છે.

સામાન્ય રીતે એક્સપ્રેસ હાઈવે પર એક કારને અકસ્માત નડ્યા બાદ તેની પાછળ બીજી કાર કે વાહનો અથડાવાના અનેક બનાવો બનતા હોય છે. આજે એટલે કે સોમવારે રાજ્યના અનેક શહેરમાં ગાઢ ધુમ્મસ જોવા મળી હતી. સુરત શહેરમાં પસાર થતાં નેશનલ હાઈવે પર આજે વિઝિબિલિટી ઘટીને ૫૩ થઈ ગઈ હતી.

શહેરે જાણે ધુમ્મસની ચાદર ઓઢી લીધો હોય તેવો માહોલ સર્જાયો હતો. આ કારણે વાહન ચાલકો ખૂબ પરેશાન થયા હતા. લોકો હેડલાઈટ અને પાર્કિંગ લાઈટ ચાલુ રાખીને વાહન હંકારતા જોવા મળ્યા હતા. અરવલ્લી અને પંચમહાલમાં પણ આવા જ દ્રશ્યો જોવા મળ્યા હતા. ફક્ત ગુજરાતમાં જ નહીં પરંતુ ઉત્તર ભારતમાં આવા અકસ્માતો મોટા પ્રમાણમાં બનતા હોય છે. દિલ્હી-આગ્રા હાઈવે પર એક વાહન પાછળ ૧૦-૧૫ વાહન ટકરાયા હોય તેવા બનાવો પણ બનતા રહે છે. ગાઢ ધુમ્મસને કારણે સામાન્ય રીતે જીરૂના પાકને નુકસાન થતું હોય છે, જ્યારે ઘઉના પાકને ફાયદો પણ થતો હોય છે.

અથડામણ

● અનુસંધાન પહેલાનું ચાલુ

શક્તિ પ્રદર્શન કર્યું હતું. બીજેપીએ ટાલીગંજથી રાની રાસબિહારી એવન્યુ અને ડાયમંડ હાર્બરમાં રોડ શો નીકાળ્યો હતો.

જેમાં બીજેપી પ્રદેશ અધ્યક્ષ દિલીપ ઘોષ, કેન્દ્રીય મંત્રી દેવશ્રી ચૌધરી અને સુવેંદુ અધિકારી સામેલ હતા. દિલીપ ઘોષે કહ્યું કે, મમતા બેનર્જીએ ગત ચૂંટણીમાં કહ્યું હતું કે તે ૨૯૪ સીટ પર ચૂંટણી લડશે. પણ તે ડરી ગઈ છે. શુભેંદુ અધિકારીએ કહ્યું કે, રાજ્યની જનતાએ મન બનાવી લીધું છે. તે નંદીગ્રામથી ચૂંટણી લડશે કે બીજે ક્યાંયથી જનતા તેમને ઉખેડીને ફેંકી દેશે. તેઓનો પરાજય નિશ્ચિત છે.

હડકંપ મચ્યો

● અનુસંધાન પહેલાનું ચાલુ

અચાનક તબિયત બગડી ગઈ હતી. મારે કોઈ કામથી જવાનું હતું તો હું જતો રહ્યો, સાંજે મને ફોન આવ્યો કે તબિયત વધુ ખરાબ છે. પરિવારે ૧૦૮ પર ફોન કર્યો હતો પરંતુ તેઓ સમયસર આવ્યા ન હતા. શનિવારે રસીકરણ બાદ તેમનો શ્વાસ ખૂબ ફૂલી રહ્યો હતો.

એક સવાલના જવાબમાં વિશાલે કહ્યું કે તેઓ કોરોના પોઝિટિવ પણ નહોતા. પરિવારનો આરોપ છે કે રસી આપતા પહેલાં મહિપાલ સિંહનું મેડિકલ તપાસ કરવામાં આવી નહોતી. મહિપાલ સિંહના મૃત્યુ બાદ સીએમઓ એસસી ગર્ગ તેમના ઘરે પહોંચ્યા હતા. તેમણે કહ્યું કે મહિપાલના છાતીમાં દુ:ખાવો અને શ્વાસ લેવામાં મુશ્કેલી પડી રહી હતી. ત્યારબાદ હોસ્પિટલ લઈ જવાયા હતા. જ્યાં તેમને મૃત જાહેર કરાયા. પરિવારના આરોપો પર સીએમઓએ કહ્યું કે મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવ્યું. કેટલાંક લોકો એ ભ્રમ ઉભો કરી રહ્યા છે કે મુરાદાબાદમાં વેક્સીનના લીધે મોત થયું છે. મૃતકનો પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યો તેમાં હાર્ટ એટેક કારણ છે. આ ઘટનાનો વેકસીન સાથે કોઈ સંબંધ નથી.

નષ્ટ થશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

વિવાદના મુદ્દે તેમણે કહ્યું કે વિવાદથી નુકસાન કોને છે. લોકોને એ હકીકત ધ્યાનમાં રહેવી ઘટે.

તેમણે કહ્યું કે વેક્સિનની અસર ૫૦ ટકા કે તેથી વધુ હોય તો આપોઆપ રજિસ્ટ્રેશન માટે યોગ્ય ઠરે છે. એની અસરના આંકડા જોઈતા હોય તો ટ્રાયલ કોડને તોડવો પડે. ડેટા એન્ડ સેફ્ટી મોનિટરીંગ બોર્ડના નિયમ મુજબની આ વાત છે. ઈમર્જન્સીમાં વાપરવાની સંમતિ અપાય એનો અર્થ એ છે કે આ વેક્સિન પૂરેપૂરી સુરક્ષિત છે અને એ બીજા તબક્કાની ટ્રાયલના પરિણામો પર આધારિત વાત હતી. તો જ ડીજીસીઆઈએ એને પરવાનગી આપી હોય. વેક્સિન રિએક્ટોજેનિક નથી. એક વિજ્ઞાનીએ એને પાણીની જેમ રિએક્ટોજેનિક ગણાવી હતી. એ બરાબર નહોતું. મારી જાણ મુજબ ૨૪ હજાર વ્યક્તિઓએ આ વેક્સિનની ટ્રાયલમાં ભાગ લીધો હતો. સુરક્ષિતતાના મુદ્દે વેક્સિન અસરકારક સાબિત થઈ હતી. ભોપાલમાં થયેલા મૃત્યુ સાથે આ વાતને કશી લેવાદેવા નથી એ યાદ રહેવું ઘટે.

'મેટ્રોની ગિફ્ટ'

● અનુસંધાન પહેલાનું ચાલુ

મોટેરા સ્ટેડિયમથી મહાત્મા મંદિર નિર્માણ કરવામાં આવશે, તો ગુજરાત નેશનલ લો યુની. થી ગિફ્ટ સીટી ને જોડાશે. જેનો લાભ લાખો લોકોને મળશે. અમદાવાદ બાદ સુરત બીજુ એવું શહેર છે જે મેટ્રોથી જોડાશે. સુરતમાં મેટ્રો નેટવર્ક એક રીતે સમગ્ર શહેરના મહત્વપૂર્ણ વેપારી કેન્દ્રને જોડશે. આજે આપણે શહેરોના પરિવહનને એકીકૃત સિસ્ટમ તરીકે વિકસાવી રહ્યા છીએ. એટલે કે એટલે કે, બસ, મેટ્રો, રેલ એ બધા પોતપોતાની રીત પ્રમાણે ન ચાલવા જોઈએ, પરંતુ સામૂહિક પ્રણાલી તરીકે કામ કરવું જોઈએ, એક બીજાને પૂરક બનાવશે.

તેમણે વધુમાં જણાવ્યું કે, આજે સુરતની આબાદીને જોઈએ તો દેશનું આઠમું મોટું શહેર છે. જ્યારે દુનિયાનું ચોથુ સૌથી ઝડપી વિકસિત થતું શહેર છે. તેમણે વધુમાં જણાવ્યું કે, ગુજરાતના શહેરો તેમજ ગ્રામીણ વિસ્તારોમાં વર્ષોથી અભૂતપૂર્વ વૃદ્ધિ જોવા મળી છે. ખાસ કરીને ગામમાં છેલ્લા બે દાયકામાં માર્ગ, વીજળી અને પાણીની સ્થિતિમાં સુધારો થયો છે. ગુજરાતની વિકાસયાત્રામાં તે ખૂબ જ મહત્વપૂર્ણ અધ્યાય છે.

છ કરોડે પહોંચી

● અનુસંધાન પહેલાનું ચાલુ

ટ્વિટર પર લખ્યું છે કે આકારણી વર્ષ ૨૦૨૦-૨૧ માટે ૧૦ જાન્યુઆરી, ૨૦૨૧ સુધીમાં ૫.૯૫ કરોડ આઈટીઆર ભરવામાં આવ્યા છે.

અગાઉના આકારણી વર્ષ માટે ૧૦ સપ્ટેમ્બર, ૨૦૧૯ સુધીમાં ૫.૬૭ કરોડ આઈટીઆર ભરવામાં આવ્યા હતા. નાણાકીય વર્ષ ૨૦૧૯ – ૨૦ માટે કુલ વળતર પાછલા વર્ષ કરતા ૩૩.૫ લાખ વધુ હતું. ગયા વર્ષે ૩૧ ઓગસ્ટ ૨૦૧૯ સુધી દાખલ કરવામાં આવ્યા હતા, જે આવકવેરા રીટર્ન ફાઈલ કરવાની છેલ્લી તારીખ છે. આવકવેરા વિભાગે કરદાતાઓ અને કર વ્યાવસાયિકોનો આભાર માન્યો છે અને કહ્યું છે કે આકારણી વર્ષ ૨૦૨૦-૨૧ માટે આપવામાં આવેલા આઈટીઆર આંકડા ૧૦ જાન્યુઆરી, ૨૦૨૧ સુધીના છે, જ્યારે ૧૦ જાન્યુઆરી, ૨૦૨૧ સુધીમાં ૧.૪૬ લાખ આઈટીઆર -૭ ભરાયા છે. જ્યારે ગયા વર્ષે આ સંખ્યા ૬૫,૨૯૮ હતી.

અજવાળું પથરાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અવરજવર પણ વધી છે. જેના લીધે શહેરના મુખ્યમાર્ગોની સાથે સેકટરોના એપ્રોચ માર્ગ પર ટ્રાફિકની અવરજવર વધુ જોવા મળે છે. આવા સંજોગોમાં માર્ગ સલામતીને અનુલક્ષીને પણ અનેક પ્રશ્નો મંડરાય છે. સેકટરોમાં રોડ નેટવર્ક અપગ્રેડ કરવાની યોજના અન્વયે એપ્રોચ માર્ગોને ફોરટ્રેક કરવામાં આવતા અકસ્માતોને પણ નિવારી શકાશે. સ્માર્ટ સીટી અન્વયે શહેરમાં માર્ગ નિર્માણના કામો તબક્કાવાર હાથ ધરવામાં આવી રહ્યા છે. નગરના જુના સેકટરોની જેમ નવા સેકટરોમાં પણ માર્ગોને ફોરટ્રેક કરવા માટેની કામગીરી શરૂ કરાશે. શહેરના મુખ્યમાર્ગો પર ગતિ નિયંત્રણના નિયમનો અમલ થાય તે માટે પોલીસ તંત્ર હરકતમાં આવ્યુ છે. નગરમાં વર્ષોના અંતે માર્ગ સલામતીને ધ્યાને લઈ ગતિ નિયંત્રણનો અમલ કરવા માટે આયોજન થયુ છે. ત્યારે સેકટરોમાંથી બહાર મુખ્યમાર્ગો પર નિકળતા વાહનો પણ અકસ્માતને ભેટે નહી તે માટે રોડ નેટવર્કને અપગ્રેડ કરવાની યોજના ઉપયોગી થશે.

ડીસાના રાણપુરમાં અજગર દેખાતા ભયનો માહોલ

ડીસા તાલુકાના રાણપુર ગામે અજગર દેખાતાં ગ્રામજનોમાં ભયનો માહોલ સર્જાયો હતો. જોકે બાદમાં વનવિભાગની ટીમે

રેસ્ક્યું કરી અજગરને પકડી સલામત રીતે જંગલમાં છોડી મુકતાં લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો. આજે સવારના સમયે અચાનક ગામ નજીકની કેનાલમાંથી અજગર બહાર આવતાં રાહદારીઓ સહિતના ચોંકી ઉઠ્યાં હતા.

બનાસકાંઠા જીલ્લાના ડીસા તાલુકાના રાણપુર ઉગમણા વાસ નજીક અજગર જોવા મળ્યો હતો. લગભગ સાતેક ફૂટ લાંબા અજગરને જોવા માટે સ્થાનિકો સહિત આસપાસના લોકો ડર સાથે એકઠાં થયેલાં જોવા મળ્યાં હતા. આ તરફ સ્થાનિકોએ સદભાવના ફાઉન્ડેશન અને વનવિભાગને ટીમને જાણ કરી હતી. જે બાદમાં ફોરેસ્ટ વિભાગ દ્વારા અજગરને પકડી જંગલ વિસ્તારમાં છોડી દેવાયો હતો.

સૂત્રોએ જણાવ્યું હતુ કે, સાતેક ફૂટ લાંબો અજગર કેનાલમાંથી નીકળી લીમડાના ઝાડ પર ચડી ગયો હતો. આ તરફ સ્થાનિકોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો. જોકે વનવિભાગની ટીમે સલામત રીતે અજગરનું રેસ્ક્યું કરી તેને ઝડપી લીધો હતો. જે બાદમાં અજગરને જંગલ વિસ્તારમાં સલામત રીતે છોડી મુક્યો હોવાનું સામે આવ્યુ છે.